(11)

# કર્મચારીઓને રજાપ્રવાસરાહતનો લાભ લેવા પેશગીની મંજૂરી અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102000-યુ.ઓ.778-ચ
સચિવાલય, ગાંધીનગર, તા. 19-6-2000

*વંચાણમાં લીધા :* (1) *સરકારી ઠરાવ, નાણાં વિભાગનો ક્રમાંક : મસભ-2166-4298-જ, તા. 15-10-'66.*
(2) *ગુજરાત નાણાંકીય નિયમો, 1971નો નિયમ-147*
(3) *સરકારી ઠરાવ, નાણાં વિભાગનો ક્રમાંક : નનમ-1079-ભાસ-89ઝ, તા. 3-7-'79.*
(4) *સ.જા.ના નાણાં વિભાગનો ક્રમાંક : (જીએન-32) એનએનએમ-1089-1713-ઝેડ-1-1348(91), તા. 5-10-'91.*
(5) *સરકારી ઠરાવ, નાણાં વિભાગનો ક્રમાંક : મસભ-2191-1117-જ, તા. 1-7-'91.*

**પ્રસ્તાવ :**

રજાપ્રવાસરાહતનો લાભ લેતા કર્મચારીઓને પેશગી મંજૂર કરવાની જોગવાઇ ગુજરાત નાણાંકીય નિયમો, 1971ના નિયમ-147માં કરવામાં આવી છે. ખરેખર જે જોગવાઇઓ હાલ અમલમાં છે તેને વ્યવસ્થિત રીતે સમજવામાં સરળતા રહે અને બધી જ જોગવાઇઓ એક જ સ્થળે ઉપલબ્ધ બને તે આશયથી એક ક્રમબદ્ધ સળંગ સંકલિત જોગવાઇઓને ઠરાવના સ્વરૂપમાં વહીવટી સરળીકરણની પ્રક્રિયાના ભાગરૂપે બહાર પાડવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

**ઠરાવ :** આથી સરકારશ્રીએ કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે રજાપ્રવાસ-રાહતનો લાભ લેતાં કર્મચારીઓને પેશગી સંબંધિત સર્વે નિયમો અને હુકમોની જોગવાઇઓને એક સળંગ અને સંકલિત સ્વરૂપમાં નીચે મુજબ બહાર પાડવાનું ઠરાવેલ છે. પરંતુ જ્યાં અર્થઘટનનો પ્રશ્ન હોય ત્યાં પ્રસ્તાવમાં નિર્દિષ્ટ નાણાં વિભાગના આદેશો તથા નિયમો મુજબ અમલ કરવાનો રહેશે.

**1. પાત્રતા :** રજાપ્રવાસ-રાહતનો લાભ લેતા કાયમી તથા પ્રવાસની તારીખે સળંગ એક વર્ષથી ઓછી નોકરી ના હોય તેવા હંગામી કર્મચારીઓને રજાપ્રવાસ-રાહત પેશગી મળવાપાત્ર નથી. અર્થાત્ પ્રવાસની તારીખે સળંગ 1 વર્ષની સેવા પૂરી કરી હોય તેવા સરકારી કર્મચારીને મળવાપાત્ર છે.

**2. મંજૂર કરવાની સત્તા :** (1) પ્રવાસભથ્થાના હેતુઓ માટે જાહેર કરવામાં આવેલ અધિકારી પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારીઓને રજાપ્રવાસ-રાહત નિયંત્રણઅધિકારી પેશગીઓ મંજૂર કરી શકશે. (2) જેઓ પ્રવાસભથ્થાના હેતુઓ માટે, પોતે જ પોતાના નિયંત્રણઅધિકારી હોય તેવા અધિકારી પોતાના માટે આવી પેશગીઓ મંજૂર કરી શકશે.

**3. પેશગીની રકમ :** રજાપ્રવાસ-રાહત પેશગીની રકમ નીચેની જોગવાઇઓ દ્વારા વિનિયમિત થશે :

(1) દરેક કેસમાં પેશગીની રકમ વતન જવા અંગેની અને વતનથી પાછા ફરવા અંગેની એમ બંને મુસાફરીના તથા આમુખના ક્રમાંક-5 આગળ દર્શાવેલ ઠરાવની જોગવાઇ મુજબ કોઇપણ કર્મચારી ભારતમાં

કોઇપણ સ્થળે 3000 કિ.મી. એક તરફની મર્યાદામાં (આવતા-જતાં 6000 કિ.મી.) પ્રવાસ માટે રજાપ્રવાસ-રાહતના ખર્ચની સરકારે ભરપાઇ કરવાની થતી અંદાજી રકમના ચાર/પંચમાંસ (4/5)ભાગ પૂરતી મર્યાદિત રહેશે.

(2) સરકારી કર્મચારી અને તેના કુટુંબના સભ્યો રજાપ્રવાસ-રાહતનો અલગ અલગ એટલે કે જુદા જુદા સમયે લાભ લેતા હોય એવા કેસમાં મળવાપાત્ર હોય એટલે અંશે પેશગીની રકમ અલગ અલગ રીતે ઉપાડવા સામે કોઇ વાંધો રહેશે નહિ.

(3) સરકારી કર્મચારી અને/અથવા એના કુટુંબના સભ્યોની વતન તરફની અને વળતી એમ બંને મુસાફરી માટે વતન તરફથી, મુસાફરીના પ્રારંભ વખતે પેશગી ઉપાડી શકાશે, પરંતુ સરકારી કર્મચારીએ લીધેલી રજાનો અથવા એના કુટુંબના સભ્યોની અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ત્રણ મહિના કે 90 દિવસથી વધુ હોવો જોઇએ નહિ.

(4) રજા કે અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ત્રણ મહિના કે 90 દિવસથી વધુ હોય એવા કેસમાં માત્ર વતન તરફની મુસાફરી માટે જ પેશગી ઉપાડી શકાશે.

**4. પેશગીની ચુકવણી :** (1) રજાપ્રવાસ-રાહતનો લાભ લેતા કર્મચારી મુસાફરી શરૂ થતા અગાઉ પ્રવાસ માટે બેઠકનું આરક્ષણ મેળવી શકે તે હેતુથી મંજૂર થયેલ પેશગીની રકમની ચુકવણી જો રેલવે દ્વારા મુસાફરી કરવાની હોય તો સાઇઠ (60) દિવસ અગાઉ અને રસ્તા દ્વારા મુસાફરી કરવાની હોય તો ત્રીસ (30) દિવસ અગાઉ કરી શકાશે. (2) પેશગીની રકમ, સંબંધ ધરાવતા સરકારી કર્મચારીઓના પગાર વગેરે હિસાબના જે સદર ખાતે ઉધારવામાં આવતા હોય એ હિસાબના યોગ્ય આખરી સદર હેઠળના ગૌણ સદર હેઠળના ''ભથ્થા અને માનદ્ વેતન'' એ પેટા સદર હેઠળના આખરી સદર હેઠળના ''પ્રવાસભથ્થા''એ વિગતવાર સદર હેઠળ ઉધારવાની રહેશે અને પેશગી મંજૂરકર્તા સત્તાધિકારીએ પેશગીના હિસાબમેળ પર વાંધાપોથી મારફત ધ્યાન રાખવાનું રહેશે.

**5. વસૂલાત અને હિસાબમેળ :** (1) રજાપ્રવાસ-રાહતને લગતી મુસાફરીઓ માટે ઉપાડવામાં આવેલી પેશગીનો હિસાબ, મુસાફરીઓ પૂરી થયા બાદ જ રજૂ કરવાનો રહેશે. (2) ઉપાડવામાં આવેલી પેશગીનો હિસાબ સરભર કરતો પ્રવાસ હક્કદાવો વળતી મુસાફરી પૂરી થયાના એક મહિનાની અંદર રજૂ કરવાનો રહેશે. (3) સરકારી કર્મચારીના કુટુંબના સભ્યોના પ્રત્યેક જુદા જુદા જૂથ માટે પેશગીઓ અલગ અલગ મંજૂર કરવામાં આવતી હોય એવા કેસોમાં હક્કદાવાઓનો અલગ અલગ હિસાબમેળ કરવાની છૂટ આપી શકાશે. સરકારી કર્મચારીએ એના કુટુંબના સભ્યો અંગે ભેગી પેશગી ઉપાડી હોય એવા કેસમાં, હિસાબમેળ માટેનો હક્કદાવો એક જ બિલમાં તૈયાર કરવો. (4) હિસાબમેળ પર રાબેતા મુજબ ધ્યાન આપવા માટે નાણાં વિભાગના તા. 17-10-'79ના ઠરાવક્રમાંક: ટીજેઆર-1078-3583(79)-ઝેડ અન્વયે નિભાવવામાં આવતા એબીસી-રજિસ્ટરમાં પેશગીની મંજૂરી, ચુકવણી તથા તેની વસૂલાત અંગે ઘટતી નોંધ કરવાની રહેશે.

**6. અન્ય શરતો :** (1) વતન તરફની અને વળતી બંને મુસાફરીઓ માટે પેશગી ઉપાડવામાં આવી હોય અને કર્મચારી કે કર્મચારીના કુટુંબના મુખ્ય મથકેથી ગેરહાજરીનો સમયગાળો ત્રણ મહિના કે 90 દિવસથી વધી જવાનો સંભવ છે, એવું પાછળથી સ્પષ્ટ થતું હોય એવા કેસમાં, પેશગીની અર્ધી રકમ સરકારને તરત જ રિફંડ કરવાની રહેશે. (2) હંગામી સરકારી કર્મચારીઓ અને એમનાં કુટુંબોને તેઓ કાયમી સરકારી કર્મચારીની આ સાથેના ફોર્મમાં જામીનગીરી રજૂ કરે એ શરતને આધીન રહી પેશગી મંજૂર કરવામાં આવશે. (3) હંગામી કર્મચારી, આ પેશગી તેઓ જો કાયમી સરકારી કર્મચારીની નિયત નમૂનામાં જામીનગીરી રજૂ કરે તો મેળવી શકે છે. (4) પેશગી મંજૂરકર્તા સત્તાધિકારીએ મંજૂરીના હુકમમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે કે આ ઠરાવમાં સમાવિષ્ટ જોગવાઇઓનું પાલન થયેથી પેશગી ઉપર વસૂલ કરવાપાત્ર રહેશે નહિ. અન્યથા મોટરકાર-પેશગી સિવાયની અન્ય વાહન-પેશગી (સ્કૂટર) માટે નિયત કરવામાં આવેલા વ્યાજના દર ઉપરાંત 2.12 દંડનીય વ્યાજ પેશગીની રકમ ઉપર વસૂલ કરવાનું રહેશે. (5) રેલવે દ્વારા મુસાફરી માટેની પેશગી મંજૂર થયાની તારીખથી સાઇઠ (60) દિવસની અંદર અને રસ્તા દ્વારા મુસાફરી માટેની પેશગી મંજૂર થયાની તારીખથી ત્રીસ (30) દિવસની અંદર મુસાફરી શરૂ કરવામાં ન આવે તો પેશગી તરત જ રિફંડ કરવાની રહેશે.

**7. પેશગી સરભર કરતાં બિલો રજૂ ન થાય તો દંડનીય વ્યાજની કરવાની કાર્યવાહી :** રજાપ્રવાસ-
રાહત અંગે લીધેલ પેશગી સરભર કરવા માટેનું બિલ મુસાફરી પૂરી કર્યા તારીખથી એક માસમાં રજૂ
કરવાનું રહેશે. જો આ પ્રમાણે પેશગીની લીધેલ રકમનું પૂરેપૂરું બિલ મુસાફરી પૂરી થયાની તારીખથી એક
માસમાં રજૂ ન કરે તો નીચે દર્શાવેલ દરે વ્યાજ સહિત વસૂલાત કરવાની રહેશે :

(1) મુસાફરી પૂરી થયાની તારીખથી એક માસમાં બિલ જ રજૂ ન કરે તો પેશગીની રકમ તે
આપ્યાની તારીખથી વસૂલાતની તારીખ સુધી ઉપર દર્શાવેલ દંડનીય વ્યાજ સાથે વસૂલ કરવાની રહેશે.
(2) મુસાફરી પૂરી થયાની તારીખથી એક માસમાં બિલ રજૂ કરે પરંતુ તે બિલની રકમ પેશગીની રકમ કરતાં
ઓછી હોય તો બાકીની રકમ તે રકમ આપ્યાની તારીખથી વસૂલાતની તારીખ સુધી ઉપર દર્શાવેલ દંડનીય વ્યાજ
સાથે વસૂલ કરવાની રહેશે. (3) ખરેખર મુશ્કેલીઓને કારણે કર્મચારી પોતાનું બિલ રજૂ કરી શક્યા ન હોય તો
ખાતાના વડા દંડનીય વ્યાજ વસૂલાત જતી કરી શકે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. આર. પટેલ
નાયબ સચિવ, નાણાં વિભાગ

## રજાપ્રવાસ-રાહત પેશગી અન્વયે હંગામી કર્મચારીઓએ રજૂ કરવાનું જામીનખતનું ફોર્મ

*(ઠરાવક્રમાંક : ડીપીપી-1099-496-ડી-295(16)-પી, તા. ...... ફકરો-6(2) સાથેનું બિડાણ)*

*જામીનખતનું ફોર્મ*

આ ખતથી સર્વને જાણ થાય કે હું ..........નો પુત્ર, રહેવાસી.......જિલ્લાના.........(ગામમાં) હાલ .........માં.........
તરીકે કાયમી જગ્યા ધરાવનાર (હવે પછી જેનો ઉલ્લેખ ''જામીન'' તરીકે કરવામાં આવ્યો છે) સરકારને ચૂકવવા રૂ. .......... (અંકે
રૂપિયા..........ફક્ત)ની રકમ તેમ જ એટર્ની તથા અસીલ વચ્ચેનું સઘળું ખર્ચ સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય
એવાં બધાં જ ચાર્જ અને ખર્ચ ચૂકવવામાં આવે એની જવાબદારી લઉં છું અને એ અંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી
જેનો ઉલ્લેખ 'સરકાર' તરીકે કરવામાં આવ્યો છે અને જે શબ્દપ્રયોગમાં એમના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ
થશે) સાથે દૃઢતાપૂર્વક બંધાઉં છું. આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે એ અંગે, આથી હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો,
વહીવટકર્તાઓ અને પ્રતિનિધિઓ આ ખતથી બંધાઈએ છીએ, જેની સાખ રૂપે સને બે હજાર.......ના ....... મહિનાની ......તારીખના
રોજ મેં સહી કરી છે.

હવે તેથી, શ્રી ......ના પુત્ર, રહેવાસી ......જિલ્લાના.......હાલ......માં હંગામી ....... તરીકે નોકરી કરતા (આ ખતમાં
હવે પછી જેનો ઉલ્લેખ 'નાણાં ઉછીના લેનાર' તરીકે કરવામાં આવ્યો છે)ને સરકાર ...... માટે રૂ. .........(અંકે રૂપિયા .......ફક્ત)ની
રજાપ્રવાસ-રાહતનો લાભ લેવા પેશગી અને પોતાની વિનંતીથી નાણાં વિભાગના ઠરાવક્રમાંક : ડીપીપી-1099-496-ડી-295(16)-
પી, તા. ....... અન્વયે કરવામાં આવેલી જોગવાઈઓને આધીન આપવા સંમત થઈ છે અને નાણાં ઉછીના લેનારે ઉક્ત રકમ, સદરહુ
ઠરાવના ફકરા-7 અન્વયે નિયત કરવામાં આવેલ દરે અને રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા એ પૈકી તે સમયે બાકી અને
વણચુકવાયેલી રહી હોય એટલી રકમ પર પેશગી આપ્યાની તારીખથી સદરહુ નિયત દરે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત એક જ
હપ્તામાં ભરપાઈ કરવાની જવાબદારી લીધી છે.

અને તેથી સરકારે નાણાં ઉછીના લેનારને ઉપર્યુક્ત પેશગી આપવાની સંમતિ આપી હોઈ તેના અવેજમાં જામીન અહીં નીચે લખ્યા
મુજબની શરતે ઉપરનું ખત કરી આપવા સંમત થયા છે.

હવે ઉપર જણાવેલા ખતની શરત એ છે કે ઉક્ત નાણાં લેનાર ઉક્ત ........માં નોકરીમાં હોય ત્યારે સરકારની લેણી થતી
ઉપર્યુક્ત પેશગીની રકમ તે પરના ઉપર્યુક્ત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા એ પૈકી તે સમયે બાકી અને વણચુકવાયેલી રહી
હોય એટલી રકમ પરના પેશગી શરૂ કરીને, રૂ. ........ (અંકે રૂપિયા ........ફક્ત)ની ઉક્ત રકમ તે પર ઉપર્યુક્ત રીતે ગણવામાં આવેલ
દંડનીય વ્યાજ સહિત યોગ્ય રીતે ચુકવાઈ ન જાય ત્યાં સુધીના સરકારી લોન અંગે અમલમાં હોય એ નિયત સરકારી દરોએ ગણી કાઢેલા વ્યાજ
સહિત હપ્તેથી યોગ્ય રીતે અને નિયમિતપણે સરકારને ચૂકવશે અથવા ચુકવવામાં આવે તેમ કરશે, તો આ ખત રદ થશે. અન્યથા આ ખત
સંપૂર્ણપણે અમલમાં રહેશે અને અસરકર્તા રહેશે.

તેમ છતાં, નાણાં ઉછીના લેનાર નાદાર બને અથવા કોઈપણ સમયે સરકારી નોકરીમાં ચાલુ ન રહે તો રૂ. .... (અંકે રૂ. .... ફક્ત)ની ઉક્ત
મુદ્દલની પૂરેપૂરી રકમ અથવા તે પૈકી તે સમયે વણચુકવાયેલી રહી હોય એ રકમ, અને પેશગી આપ્યાની તારીખથી ઉપર્યુક્ત રીતે ગણવામાં આવેલ ઉક્ત
મુદતની રકમ પરનું લેણું થતું દંડનીય વ્યાજ સરકારને તરત જ લેણું થશે અને ચૂકવવાપાત્ર થશે અને આ ખત અન્વયે જામીન પાસેથી એક હપ્તામાં વસૂલ
કરવાપાત્ર થશે.

ઉક્ત નાણાં ઉછીના લેનારને સરકારે આપેલ મુદતવધારા અથવા બીજી કોઈ છૂટછાટને કારણે, જામીનને એની જાણ હોય કે ન હોય અથવા
એ બાબતમાં એમની સંમતિ હોય કે ન હોય તો પણ જામીન સ્વીકારેલી જવાબદારીમાંથી કોઈપણ રીતે મુક્ત થઈ શકશે નહિ અથવા જામીનની જવાબદારીને
કોઈ અસર થશે નહિ.

આ દસ્તાવેજ અંગે કોઈ સ્ટેમ્પડ્યુટી ભરવાની હોય તો તે ભરવા સરકારને સંમત થાય છે.

સને........ના ..........ની .........તારીખે.........ખાતે.

*(જામીનની સહી)*

*હોદ્દો*

ઉક્ત ....... એ સહી કરી સોંપ્યું જે કચેરીના હોય એ કચેરીનું નામ .......નીચેનાની હાજરીમાં.
સાક્ષીઓની સહી, સરનામાં અને વ્યવસાય

(1) (2)

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના નામે અને એમના વતી સ્વીકાર્યું.

✻ ✻ ✻

**વંચાણે લીધા :**